




# ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન ઈશ્વર કરતાં પણ ઉપર માનવામાં આવે છે



**કાળચક્ર** — યજ્ઞાનંદ

પ્રથમ ગુરુ મા-બાપ જ છે...જે તમને ધરતી ઉપર લાવ્યાં છે... માતાપિતા જ ભગવાન છે; ગુરુ છે... તમોને ઉત્તમ ને સાચા સંસ્કાર ને જ્ઞાન તેમણે આપ્યું છે;તેથી ગુરુ પૂર્ણિમાએ તેમના આશીર્વાદ લો... તિરસ્કાર ના કરો. સુખ-દુઃખનું પ્રથમ કારણ એ જ હોય છે

વર્ષ ૨૦૨૬માં ગુરુ પૂર્ણિમા (અષાઢ પૂર્ણિમા) નું પાવન પર્વ બુધવારે ૨૯ જુલાઈ ૨૦૨૬ના રોજ ઉજવાશે. આ દિવસ આધ્યાત્મિક ગુરુઓ અને શિક્ષકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની સાથે સાથે મહાન ઋષિ વેદવ્યાસની જયંતીના રૂપમાં પણ ઉજવાય છે.

પૂર્ણિમાની તિથિનો આરંભઃ ૨૮ જુલાઈ ૨૦૨૬ની સાંજે ૦૬:૧૮ વાગ્યે શરૂ થશે જે ૨૯ જુલાઈ ૨૦૨૬ની રાત્રે ૦૮:૦૫ વાગ્યે પૂરી થશે. બ્રહ્મ મુહૂર્તઃ સવારે ૦૪:૧૭ વાગ્યાથી ૦૪:૫૯ વાગ્યા સુધી છે. જ્યારે અમૃત મુહૂર્તઃ સવારે ૦૭:૨૨ વાગ્યાથી ૦૯:૦૪ વાગ્યા સુધી છે.

ઋષિ વ્યાસ જયંતીઃ આ દિવસે ચારો વેદોના સંકલન કર્તા અને મહાભારતના રચયિતા મહર્ષિ વેદવ્યાસનો જન્મ થયો હતો, એટલા માટે તેને 'વ્યાસ પૂર્ણિમા' પણ કહે છે.

બૌદ્ધ ધર્મઃ ભગવાન ગૌતમ બુદ્ધે આ દિવસે સારનાથમાં પોતાનો પહેલો ઉપદેશ આપ્યો હતો.

ગુરુ પૂજાઃ હિંદુ, જૈન અને બૌદ્ધ ધર્મના અનુયાયી પોતાના ગુરુઓ (આધ્યાત્મિક માર્ગદર્શકો)નાં ચરણોમાં પૂજા-અર્ચના અને સન્માન અર્પણ કરે છે.

આ પાવન અવસર પર પોતાના ગુરુઓના આશીર્વાદ અને જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કરવાં જોઈએ.

ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન ઈશ્વર કરતાં પણ ઉપર માનવામાં આવે છે. 'ગુરુ' શબ્દનો અર્થ જ છેઃ અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે.

અષાઢ માસની પૂર્ણિમા તિથિએ ઉજવાતો ગુરુ પૂર્ણિમાનું પર્વ ફક્ત શિક્ષકો અને આધ્યાત્મિક ગુરુઓ પ્રત્યે કૃતજ્ઞતા પ્રકટ કરવાનો દિવસ જ નથી. પરંતુ આપણાં જીવનમાં 'જ્ઞાન' અને 'પ્રકાશ'ના મહત્ત્વને સમજવાનો પણ અવસર છે. ગુરુ પૂર્ણિમાનો દિવસ ધાર્મિક અને આધ્યાત્મિક રીતે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

આદિ ગુરુનું શિક્ષણઃ આ દિવસે ભગવાન શિવે આદિ ગુરુના રૂપે સપ્ત ઋષિઓને યોગ વિજ્ઞાનનું પહેલું જ્ઞાન આપ્યું હતું.

જૈન પરંપરાઃ જૈન ધર્મમાં ભગવાન મહાવીર અને તેમના પહેલા શિષ્ય ગૌતમ સ્વામીના મિલનના રૂપે ઉજવાય છે.

ગુરુ પૂજનઃ પોતાના ગુરુ કે શિક્ષકનો ફોટો કે મૂર્તિ સમક્ષ દીવો પ્રગટાવવો. તેમને ફૂલ અર્પણ કરીને તેમના આશીર્વાદ લેવા.

ધ્યાન અને મંત્ર જાપઃ ગુરુ મંત્રનો જાપ કરવો કે કોઈ ગુરુના માર્ગદર્શનમાં ધ્યાન (મેડિટેશન) કરવું.

દાન અને સેવાઃ આ દિવસે અસહાયોની મદદ કરવી, દાન કરવું અને પોતાનાંથી મોટાં (માતા-પિતા)નાં ચરણસ્પર્શ કરી તેમના આશીર્વાદ લેવા અત્યંત ફળદાયી માનવામાં આવે છે.

આ દિવસે સાત્ત્વિક ભોજન કરવું. કોઈ પણ પ્રકારનો ક્લેશ કે નકારાત્મક વિચારોથી દૂર રહેવું.

સાચા ગુરુ - તો તમારાં માતા-પિતા જ છે. તેમણે ઘણું દુઃખ વેઠીને તમને મોટાં કર્યાં, સંસ્કાર આપ્યા... પરંતુ આજના કળિયુગમાં લોકો પોતાની ભૌતિક દુનિયામાં રાચવા માટે જીવતાં મા-બાપને પણ પોતાનું જીવન નર્ક જેવું લાગે છે.

જીવનમાં જેટલું આનંદભર્યું હતું એટલું જ અત્યારે સજાભરેલું લાગે છે. પછી નારાયણબલિ કે પિતૃદોષની વિધિ પાછળથી કરાવવાનો શો મતલબ! સાવ એવું પણ નથી...

આજકાલ ઘણા પુત્રો-પુત્રીઓ માબાપને ખૂબ પ્રેમથી સાચવતાં હોય એવું પણ જોવા મળે છે. ટૂંકમાં ગુરુ પૂર્ણિમાએ હવે મા-બાપને પગે લાગીને આશીર્વાદ લેવા માટે રાખવાનું... પછી ગુરુના આશીર્વાદ.... મા-બાપ જ ભગવાન છે.

# મારી પુત્રી ક્યાં અગમ્ય કારણોસર તકલીફ ભોગવી રહી છે

**સમસ્યા અને સમાધાન** — વાય.જે.ટી.

**સમસ્યાઃ** સુરતના એક પિતાશ્રીનો પુત્રી માટે પ્રશ્ન છે. તેમની પુત્રી કોઈ અગમ્ય કારણોસર તકલીફ ભોગવી રહી છે. આ તકલીફ ક્યારથી શરૂ થઈ? આ તકલીફ શેને કારણે છે? - તે અમારા કોઈની સાથે ચોખવટ કરતી નથી. તેથી હંમેશાં હૃદય તેનું ભરેલું રહે છે. ક્યારેક ક્યારેક કદાચ માનસિક તકલીફને કારણે કોઈક વાર હસે છે. આ જટિલ સમસ્યાનું સમાધાન જણાવશોજી.

**સમાધાનઃ** આપશ્રીની પુત્રીની જન્મ કુંડળીમાં મકર લગ્ન છે. મકર રાશિમાં ગુરુ ગ્રહ નીચ રાશિમાં બેઠો છે. આ ઉપરાંત હાલ તા. ૯ એપ્રિલ ૨૦૧૮થી એપ્રિલ ૨૦૩૪ સુધી 'ગુરુની મહાદશા' ચાલે છે. દેહ સ્થાનમાં જ ગુરુ ગ્રહ નબળો છે તેથી પણ આ તકલીફ તે અનુભવે છે. બીજી તરફ 'ગુરુ ગ્રહ'નું હાલ ગોચર કર્ક રાશિમાં છે જે તમારા સાતમા સ્થાન ઉપરથી પસાર થાય છે અને તેની દેહ સ્થાન ઉપર પણ દૃષ્ટિ પડે છે. આ દરમિયાન પણ સ્વાસ્થ્ય અંગે તકેદારી રાખવી પડે.

તમારી પુત્રીની કુંડળીમાં 'રાહુ' - મેષ રાશિમાં ચોથા ઘરમાં બેઠો છે. ચોથું સુખ સ્થાન છે. સુખ હોવા છતાં સુખ માટે ફાફાં મારવાં પડે. રાહુની દૃષ્ટિ આઠમા, દસમા અને બારમા ઘર પર છે. અશુભ પ્રભાવ ધરાવતો રાહુ તમને માનસિક અશાંતિ આપી શકે છે. તમારી પાસે સુખનાં બધાં જ સાધનો ઉપલબ્ધ હોવા છતાંય તમારું મન દુઃખી રહે છે.

તમારી કુંડળીમાં કેતુ તુલા રાશિમાં દસમા ઘરમાં છે. કેતુની દૃષ્ટિ બીજે, ચોથે અને છઠ્ઠા ઘર પર છે. મંગળ, રાહુની પૂર્ણ દૃષ્ટિ કેતુ પર છે. આ કારણોસર તમે માનસિક રીતે અસંતુષ્ટ રહેશો. આ કેતુ તમોને ગુપ્તાંગો, પગ, વાયુ વગેરે રોગો આપશે. વાહનથી પણ તમોને કેટલોક ભય રહેશે. તમારી ઉંમર ૯૦ વર્ષ સુધીની છે.

તા. ૯ એપ્રિલ ૨૦૦૦થી ૨૦૧૮ સુધી તમોને રાહુની મહાદશા ચાલતી હતી. આ ગાળામાં તમને આ વિશેષ તકલીફો થઈ હશે. હાલ ગુરુની મહાદશા ચાલે છે પરંતુ તે મકર રાશિમાં નીચ રાશિમાં દેહસ્થાનમાં બેઠો હોવાથી 'ગુરુનું રત્ન પોખરાજ' અસલ શિલોની ધારણ કરવાથી સ્વાસ્થ્ય સારું રહેશે.

જન્મ-લગ્ન કુંડળીમાં અગિયારમે શનિની ત્રીજી દૃષ્ટિ સૂર્ય ઉપર દેહસ્થાન ઉપર પડે છે તેથી શનિ-સૂર્યનો પિતૃદોષ, અપજશ દોષ બને છે. જ્યારે ચલિત કુંડળીમાં શનિ-કેતુ અને શનિ-રાહુથી 'શાપિત દોષ' બને છે તેથી ચાણોદ ખાતે 'પિતૃ દોષ' કે 'નારાયણ બલિ' કરાવવાની સલાહ છે. પિતૃઓના આશીર્વાદથી પુત્રીના જીવનમાં પરિવર્તન આવશે. પુત્રી સિવાય પૂરા ઘરના બધાને જ સુખ, શાંતિ અને સમૃદ્ધિ મળશે. માનસિક શાંતિ મળશે.

મંગળ દોષ લગ્ન કુંડળીમાં નથી; પરંતુ ચંદ્ર કુંડળીમાં છે. મંગળ દોષના કારણે વ્યક્તિના લગ્નજીવનમાં તકલીફો આવતી હોય છે.

ૐ ભ્રાં ભ્રીં ભ્રૌં સઃ રાહવે નમઃ આ મંત્રની રોજે એક માળા કરવી લાભદાયક રહેશે.



# સિદ્ધ કુશાનો બાંધોઃ ધનલક્ષ્મીની કૃપા અને સમૃદ્ધિનું શુભ પ્રતીક



**સુખ, શાંતિ અને સમૃદ્ધિ મેળવવા માટે અદ્‌ભુત ચમત્કારિક કુદરતી ભેટ**

**યંત્ર-મંત્ર-તંત્ર** — યજ્ઞેશ ત્રિવેદી

સનાતન પરંપરામાં કુશાને અત્યંત પવિત્ર અને દિવ્ય માનવામાં આવે છે. એવો વિશ્વાસ છે કે સિદ્ધ કુશાનો બાંધો ઘર, દુકાન કે પૂજાસ્થાન પર મૂકવાથી સકારાત્મક ઊર્જા વધે છે અને ધન લક્ષ્મીજીની કૃપા થાય છે.

» ધન અને સમૃદ્ધિ આકર્ષિત કરવાનું શુભ પ્રતીક.
» ઘર અને વેપારમાં સકારાત્મક ઊર્જા
» પૂજા-પાઠ અને સાધના માટે પવિત્ર વસ્તુ
» વ્યાપાર, કેરિયર અને ઉન્નતિ માટે શુભ
» મનની શાંતિ અને આધ્યાત્મિક ઊર્જાનું પ્રતીક

શ્રદ્ધા અને વિશ્વાસ સાથે તેને મૂકવાથી જીવનમાં સુખ-શાંતિ, ધનવૃદ્ધિ અને શુભ ફળ પ્રાપ્ત થાય છે. આજે જ સિદ્ધ કુશાના બાંધાથી તમારા ઘરમાં શુભ ઊર્જાનું સ્વાગત કરો.

**શું તમે પણ આ બધી સમસ્યાઓથી પરેશાન છો**

» પૈસાની હંમેશા કમી રહેવી.
» વેપારમાં મનઈચ્છિત સફળતા ના મળવી.
» નોકરી કે કેરિયરમાં અવરોધ આવવો.
» ઘરમાં નકારાત્મક માહોલ અનુભવવો.
» ખરાબ નજર કે તંત્ર બાધાની ચિંતા રહેવી.

**લોકો 'કુશના બાંધા' કેમ રાખે છે?**

» પૈસાનો અવરોધ દૂર કરવા માટે : કુશનો બાંધો ધન સાથે સંકળાયેલી નડતરોને ઓછી કરવા... વ્યાપારમાં વૃદ્ધિ કરવા માટે... અને નવા અવસર મેળવવા માટે તે મદદરૂપ થાય છે.
» ખરાબ નજરમાંથી બચવા માટેઃ પારંપારિક માન્યતાઓ અનુસાર કુશનો બાંધો ખરાબ નજર અને નકારાત્મક પ્રભાવો સામે રક્ષણનું પ્રતીક છે તથા ઘર અને પરિવારમાં સુખ-શાંતિ જાળવી રાખવા માટે મદદરૂપ થાય છે.

**કુશના બાંધાને વિશેષ કેમ બનાવવામાં આવે છે...**

» દુર્લભ રીતે પ્રાપ્ત થાય છેઃ કુશનો બાંધો કુદરતી રીતે પ્રાપ્ત થાય છે અને સામાન્ય રીતે તે સફળતાથી મળતો નથી.
» પવિત્ર કુશ સાથે જોડાયેલોઃ કુશને હિંદુ પરંપરામાં પવિત્ર માનવામાં આવે છે અને તેનો ઉપયોગ કેટલાંયે ધાર્મિક કાર્યોમાં કરવામાં આવે છે.
» શુભ સ્થાનો પર રાખવામાં આવે છેઃ તેને ઘરના મંદિર, તિજોરી, દુકાન કે કાર્યસ્થળ પર શ્રધ્ધા સાથે મૂકવામાં આવે છે.
» કુદરતી સ્વરૂપઃ આ કોઈ મશીન કે કારખાનામાં બનાવેલું ઉત્પાદન નથી પરંતુ કુદરતી રીતે મળી આવતું સ્વરૂપ છે

**1000 કુશના છોડમાં ફક્ત 1 માં મળે છે**

કુશનો બાંધો સામાન્ય છોડમાં જોવા મળતો નથી. તેથી તેને વિશેષ માનવામાં આવે છે. એટલું જ નહીં તે બાંધો ઘણો દુલર્ભ પણ છે.

**મંત્રોથી ઊર્જિત..**

તેને પવિત્ર મંત્રોના ઉચ્ચારણ સાથે ઊર્જિત કરવામાં આવે છે જેથી તેને શ્રધ્ધાપૂર્વક પૂજાસ્થાન, તિજોરી કે દુકાન ઓફિસમાં રાખી શકાય. અમોને અંદાજ ન હતો કે 'સિદ્ધ કુશાનો બાંધા'નો આટલો શાનદાર રિસ્પોન્સ મળશે. વ્યવસાયમાં પ્રગતિ, નવા અવસર, આશ્ચર્યકારક મની ફૂલો અને ખુશીની મનોકામનાથી મોટી સંખ્યામાં બિઝનેસ ઓનર્સ, જ્વેલર્સ અને રિયલ એસ્ટેટ જોડે સંકળાયેલાં લોકો મંગાવી રહ્યાં છે. સતત વધતી ડિમાન્ડને કારણે સાધક-શ્રધ્ધાળુને રાહ જોવી પડે છે તેનું મને દુઃખ છે. ટૂંકમાં જીવનમાં સુખ, શાંતિ અને સમૃધ્ધિ જોઈતી હોય તો એક વાર આ કુદરતે આપેલી દુર્લભ ભેટ 'સિદ્ધ કુશાનો બાંધો' ઘર, ઓફિસ, કારખાનામાં, ગલ્લામાં સ્થાપિત કરી જુઓ. પછી જુઓ તેનો પ્રભાવ!!



# સમસ્ત બ્રહ્માંડ-જગતના ગુરુઃ શ્રીકૃષ્ણ

**જડીબુટ્ટી** — નજુમી

કૃષ્ણં વંદે જગદ્ગુરુમનો સંસ્કૃતમાં અર્થ છેઃ સમસ્ત બ્રહ્માંડ કે જગતના ગુરુ ભગવાન કૃષ્ણને હું નમન કરું છું.

આ વાક્યાંશ એક પ્રસિદ્ધ શ્લોક કૃષ્ણ અષ્ટકમ્ માંથી લેવામાં આવ્યો છે.

**વસુદેવસુતં દેવં કંસચાણુરમર્દનં**
**દેવકી પરમાનંદં કૃષ્ણં વંદે જગદ્ગુરુમ્**

વસુદેવના પુત્ર (વાસુદેવ), કંસ અને ચાણુરનો વધ કરનાર અને માતા દેવકીને પરમ આનંદ આપનાર... તે જગતના ગુરુ શ્રીકૃષ્ણને હું પ્રણામ કરું છું.

અર્જુન દ્વારા કરવામાં આવેલી કૃષ્ણની આ સ્તુતિ ઘણી ખાસ છે.

પરંતુ શું તમોને ખબર છે કે શ્રીકૃષ્ણને દુનિયાના ગુરુ કે દુનિયાના સર્વશ્રેષ્ઠ ગુરુ કેમ કહેવામાં આવે છે.

તેનું મુખ્ય કારણ એ છે કે તેમણે પોતાનાં કર્મોથી એવાં ઉદાહરણ આપ્યાં છે કે તે પ્રેરણાદાયક છે. સાથે જ અર્જુન દ્વારા તેમણે ગીતા દ્વારા આખી દુનિયાને જે સંદેશ આપ્યો હતો જે અપનાવીને કરોડો લોકો જન્મ-મરણનાં બંધનમાંથી મુક્ત થઈ ચૂક્યાં છે.... તે પણ એક કારણ છે.

મહાભારતનું યુદ્ધ આરંભ થતાં પહેલાં અર્જુને કૃષ્ણને પોતાનો રથ બંને સેનાઓની વચ્ચે લઈ જવા કીધું હતું. પરંતુ ત્યાં સામેની સેનામાં પરમ સ્નેહી પિતામહ, ગુરુવર, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય અને સંબંધીઓને જોઈને તેના મનમાં મોહ જાગી ગયો અને તેના હાથમાંથી ધનુષ છૂટી ગયું ત્યારે 'યુદ્ધ નહીં કરું' એવું કહીને તે રથમાં જ પડી ગયો ત્યારે શ્રીકૃષ્ણે અર્જુનને ગીતા જ્ઞાન આપતાં કહ્યું હતું કે એવું જ હતું નહીં કે કોઈ કાળમાં તમે અને હું નહોતા અને આ બધા યોદ્ધા ન હતા. પહેલાં પણ આ બધા મારા હાથથી મરી ચૂક્યા છે અને તમે પણ નહીં મારશો તો પણ તેમનું મૃત્યુ નિશ્ચિત છે. ગીતાના 18મા અધ્યાયમાં કૃષ્ણે એવાં એવાં રહસ્ય અર્જુનને બતાવ્યાં છે જે તેમના સિવાય બીજું કોઈ જાણતું જ નથી.

જો તમે કે દુનિયાનો કોઈ પણ વ્યક્તિ ગીતા વાંચે અને તેને વ્યવહારમાં ઊતારે તો તેને મેળવવા માટે પછી બીજું કંઈ બચતું જ નથી. તે ના તો કોઈ તરફ દ્વેષ કરે છે કે ના તો કોઈ ખરાબ કર્મોથી મોહ... તે ખરાબ કર્મો કરવા છતાં પણ તેનાં પાપ અને સારાં કર્મ કરીને પણ તેના પુણ્યથી લિપ્ત થતો નથી. એવો માર્ગ દુનિયામાં કોઈ પણ ગુરુએ કોઈ પણ કામમાં ના તો કહ્યું છે.... કે ના કહેવા માટે તે સક્ષમ છે. તેથી આપણે અસંખ્યોમાંથી એક જ કહીએ છીએ કે કૃષ્ણ વિશે છતાં પણ આશા છે. વધુ જાણકારી માટે વાંચોઃ શ્રીમદ્ ભગવદ્ ગીતા.

અષાઢની પૂર્ણિમાએ ગુરુપૂર્ણિમા કહે છે. આ દિવસે વ્યાસ પૂજા થાય છે. વેદ વ્યાસનું મૂળ નામઃ શ્રીકૃષ્ણ દ્વૈપાયન હતું. પરંતુ વેદ વ્યાસજી શ્રીકૃષ્ણને જગતગુરુ માનતા હતા. ભગવાન શ્રીકૃષ્ણને આખા સંસારના ગુરુ માનવામાં આવે છે.

**64 કલાઓમાં પારંગત**

અધ્યાત્મ જગતમાં 14 વિદ્યાઓ અને 64 કલાઓ હોય છે. જેમાં શ્રીકૃષ્ણ પારંગત છે. વિદ્યા બે પ્રકારની હોય છે. પરા અને અપરા વિદ્યા. આ પ્રકારે કલા પણ બે પ્રકારની હોય છેઃ પહેલી સાંસારિક કલાઓ અને બીજી આધ્યાત્મિક કલાઓ. ભગવાન શ્રીકૃષ્ણ સાંસારિક અને આધ્યાત્મિક બંને પ્રકારની વિદ્યા અને કલાઓમાં પારંગત હતા.

**વેદો અને પુરાણોમાં પણ શ્રીકૃષ્ણને સર્વોચ્ચ પરમેશ્વર અને સંસારના સૌથી શ્રેષ્ઠ માર્ગદર્શક (જગદ્ગુરુ)ના રૂપે માન્યતા આપવામાં આવી છે**

**» શ્રીકૃષ્ણને ગુરુ માનતા હતા તેમના ગુરુ!**

ભગવાન શ્રીકૃષ્ણના સૌથી પહેલા ગુરુ સાંદિપની હતા. તેમનો આશ્રમ અવંતિકા (ઉજ્જૈન)માં હતો. તેઓ ભગવાન કૃષ્ણ, બલરામ અને સુદામાના ગુરુ હતા. તેમના જ આશ્રમમાં શ્રીકૃષ્ણે વેદ અને યોગનું શિક્ષણ અને દીક્ષાની સાથે જ 64 કલાઓનું શિક્ષણ લીધું હતું. ગુરુએ શ્રીકૃષ્ણ પાસે દક્ષિણા રૂપે પોતાને પુત્રને માંગ્યો હતો, જે શંખાસુર રાક્ષસના કબજામાં હતો. ભગવાન તેને મુક્ત કરાવીને ગુરુને દક્ષિણા ભેટ કરી. આ સિવાય શ્રીકૃષ્ણના ગુરુ નેમિનાથ, વેદવ્યાસ, ઘોર અંગિરસ, ગર્ગ મુનિ અને પરશુરામ પણ હતા. પરંતુ તે બધા શ્રીકૃષ્ણને જ પોતાના ગુરુ માનતા હતા. ભીષ્મ પિતામહ અને દ્રોણાચાર્ય પણ તેમની પૂજા કરતા હતા.

**» પૂર્ણાવતાર**

ભગવાન શ્રીકૃષ્ણનું ભગવાન થવું તે જ તેમની શક્તિનો સ્રોત છે. તે વિષ્ણુના 10 અવતારોમાંથી એક આઠમા અવતાર હતા. જ્યારે 24 અવતારોમાં તેમનો નંબર 22મો હતો. તેમને પોતાના આગલા-પાછલા બધા જન્મોની યાદ હતી. બધા અવતારોમાં તેમને પૂર્ણાવતાર માનવામાં આવે છે.

**» શ્રીકૃષ્ણના શિષ્ય**

અર્જુન સહિત પાંચેય પાંડવોને શ્રીકૃષ્ણે સમયે-સમયે શિક્ષણ આપ્યું હતું. તેઓને અર્જુન અને ઉધ્ધવ ગીતાનું જ્ઞાન આપ્યું હતું. મહાભારતમાં શ્રીમદ્ ભગવદ્ ગીતા, અનુ ગીતા અને ઉધ્ધવ ગીતાનાં નામથી પ્રસિદ્ધ ગીતાઓ શ્રીકૃષ્ણનાં જ પ્રવચન છે.

**» પૂર્ણાતાર કેમ માનવામાં આવે છે?**

16 કલાઓથી ભરેલો વ્યક્તિ ઈશ્વરતુલ્ય હોય છે અથવા કહો કે સ્વયં ઈશ્વર જ હોય છે. પથ્થર અને વૃક્ષ 1થી 2 કલાના પ્રાણી છે. પશુ ઔર પક્ષીમાં 2થી 4 કલાઓ હોય છે. સાધારણ માનવમાં 5 કલા અને સ્કૃતિવાળા સમાજવાળા માનવામાં 6 કલા હોય છે. આ પ્રકારે વિશિષ્ટ પુરુષમાં 7 અને ઋષિઓ કે મહાપુરુષોમાં 8 કળા હોય છે. 9 કળાઓથી ભરેલા સપ્તર્ષિગણ, મનુ, દેવતા, પ્રજાપતિ, લોકપાલ વગેરે હોય છે. ત્યાર બાદ 10 અને 10થી વધુ કળાઓની અભિવ્યક્તિ ફક્ત ભગવાનના અવતારોમાં જ અભિવ્યક્ત થાય છે. જેમ કે વરાહ, નૃસિંહ, કૂર્મ, મત્સ્ય અને વામન અવતાર. તેમને આવેશાવતાર પણ કહે છે. તેમાં સામાન્ય રીતે 10થી 11 કળાઓનો આવિર્ભાવ હોય છે. પરશુરામ પણ ભગવાનનો આવેશાવતાર કહેવાય છે. ભગવાન રામ 12 કલાઓથી તો ભગવાન શ્રીકૃષ્ણ બધી 16 કલાઓથી ભરેલા છે. તે ચેતનાનું સર્વોચ્ચ સ્તર હોય છે. એટલા માટે પ્રભુ શ્રીકૃષ્ણ જગના નાથ-જગન્નાથ અને જગના ગુરુ જગદ્ગુરુ કહેવાય છે.

**» ગોપીઓને જ્ઞાન આપ્યું**

શ્રીકૃષ્ણના માધ્યમથી હજારો ગોપીઓએ જ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષની પ્રાપ્તિ કરી. વૃંદાવનમાં એવી ગોપીઓ હતી જે પાછલા જન્મમાં ઋષિઓ હતી. તેમણે શ્રીકૃષ્ણ પાસે ભક્તિયોગ શીખવા માટે જ ગોપી રૂપમાં જન્મ લીધો હતો.

**» બધા પ્રકારનું જ્ઞાન આપ્યું**

શ્રીકૃષ્ણે સંસારને બધા પ્રકારનું જ્ઞાન આપ્યું હતું. તેમણે કર્મયોગ, જ્ઞાનયોગ, તંત્રયોગની સાથે જ ભક્તિયોગનું શિક્ષણ પણ આપ્યું હતું. તેમણે સંસારમાં જીવન અને સંન્યાસમાં ધર્મનું શિક્ષણ પણ આપ્યું.

**» સખા પણ અને ગુરુ પણ**

શ્રીકૃષ્ણ પોતાના ભક્તોના સખા પણ અને ગુરુ પણ છે. તે સખા બનીને ગુરુ જ્ઞાન આપે છે. તેમના હજારો સખાઓની કહાનીઓ જાણવાથી આ ભેદ ખૂલી જાય છે.

